NATIONAL SENIOR CERTIFICATE EXAMINATION
NOVEMBER 2011

# GUJARATI SECOND ADDITIONAL LANGUAGE: PAPER I

Time: 2 hours 100 marks

---

**PLEASE READ THE FOLLOWING INSTRUCTIONS CAREFULLY**

1. This question paper consists of 8 pages. Please check that your question paper is complete.
2. Read the questions carefully.
3. Number your answers exactly as the questions are numbered.
4. In your own interest write legibly and present your work neatly.

---

IEB Copyright © 2011 

**પ્રશ્ન-૧ નીચે આપેલી ગદ્ય વાંચી પ્રશ્નોના યોગ્ય જવાબ લખો.**

ધૌમ્ય નામના એક ઋષિ હતા. એક સુંદર નદીને તીરે તેમનો આશ્રમ. આશ્રમમાંચારસો-પાંચસો શિષ્યો રહે અને ગુરુ પાસે વેદાધ્યયન કરે.

એકવાર ગુરુના આંગણામાં સૌ બેઠા હતા. શાસ્ત્રના અને જીવનના જુદા જુદા પ્રશ્નો ઉપર ઠીકઠીક ચર્ચા ચાલતી હતી. ગુરુએ બધા પર નજર નાખી, ફરીફરી નજર નાખી અને એકાદ ઘેટું ન જડયું હોય ત્યારે ભરવાડ ભાળ કાઢે તેવી આતુરતાથી ધૌમ્યે પૂછ્યુ: "આજે આરુણિ કેમ દેખાતો નથી ?"

ગુરુની સેવામાંથી વખત બચે ત્યારે બીજા ગુરુભાઇઓનું કામ પણ આરુણિ હોંશથી કરે. કોઇના ક્યારા પાઇ દે તો કોઇની પર્ણકુટી વાળી દે; કોઇની પથારીની પાસે ઉજાગરા કરે તો કોઇનું વલ્કલ સાંધી દે. કેટલાયે શિષ્યો અધ્યયનમાં આગળ જવાને લોભે પોતાનું કામ આરુણિ પાસે કરાવે , અને હસતાં હસતાં પોતે કામ કાઢી લીધું એમ માને.

ગુરુએ પૂછ્યું: "આરુણિ કેમ દેખાતો નથી ?"

"સૂઇ ગયો હશે." એકે કહ્યું. "વાછરડા બાંધતો હશે." બીજાએ કહ્યું. "એ.... ખેતરમાં હોલા ઉડાડે. એને ક્યાં અધ્યયન કરવું છે ? અધ્યયન કરવું હોય તો આમ હોય? હજી વીસ વર્ષે એક વલ્લી પણ પૂરી આવડતી નથી."

<u>અઘરાં શબ્દો:</u>

| | |
|---|---|
| વલ્કલ = ઝાડની છાલનુ વસ્ત્ર | અધ્યયન = અભ્યાસ |
| તીરે= કિનારે | ભાળ કાઢે = તપાસ કરે |

૧.૧ સુંદર નદીને તીરે કોનો આશ્રમ હતો ? (2)

૧.૨ આશ્રમમાં કેટલાં શિષ્યો હતાં? તેઓ ત્યાં શુ કરતા હતાં? (3)

૧.૩ 'કેટલાય શિષ્યો પોતાનું કામ આરુણિ પાસે જ કરાવતાં'આ વાકય સાચું છે કે ખોટું તે જણાવો? (2)

IEB Copyright © 2011

૧.૪ એકવાર સૌ ક્યાં બેઠાં હતાં? ત્યાં શું ચાલતુ હતું ? (3)

૧.૫ આતુરતાથી ધૌમ્યે શું પુછ્યું ? (2)

૧.૬ આરુણિ બીજાગુરુભાઇઓનું શું કામ હોંશથી કરતો ? (3)
**[15]**

## પ્રશ્ન–૨ આપેલ ગદ્યમાંથી નીચેની ખાલી જગ્યામાં વિગત ભરો.

૨.૧.૧ ગુરુએ પૂછ્યુંઃ ....... કેમ દેખાતો નથી ?

૨.૧.૨ હજી વીસ વર્ષે એક .......પણ પૂરી આવડતી નથી. (3)

### ૨.૨ નીચે આપેલા <u>રૂઢીપ્રયોગોને</u> 'અ' વિભાગમાંથી લઈ તેનો સાચો અર્થ 'બ' વિભાગમાંથી શોધી લખો.

| અ | બ |
|---|---|
| ૨.૨.૧ ભાળ કાઢવી. | ક. પોતાનું કામ બીજા પાસે કરાવી લેવું. |
| ૨.૨.૨ ખુશીનો પાર ન હોવો. | ખ. પ્રાણ ચાલ્યો જવો. |
| ૨.૨.૩ રામ રમી જવા. | ગ. તપાસ કરવી. |
| ૨.૨.૪ કામ કાઢી લેવુ. | ચ. અનહદ આનંદ થવો. |

(4)

### ૨.૩ નીચે આપેલા વાક્યોમાં ક્રિયાપદનું યોગ્ય રૂપ બનાવી લખો.

જેમ કે – ગાંગુલીએ બોલને ફટકો .......(મારવું)
જવાબ : માર્યો

૨.૩.૧ આરુણિને કાને ગુરુનો શબ્દ અથડાયો એટલે તે.......(ઊભા થવું)

૨.૩.૨ ગુરુ ધૌમ્યે આતુરતાથી .......(પૂછવું)

IEB Copyright © 2011 

૨.૩.૩ ધૌમ્યે બધી વાત શાંતિથી...... (સાંભળવું)

૨.૩.૪ એટલામાં તો એકાએક વાદળાં......(ચડી આવવું) (4)

૨.૪ નીચે આપેલા વાક્યોમાંથી ત્રણ <u>સંજ્ઞા અને ત્રણ સર્વનામ</u> શોધી બતાવો.

૨.૪.૧ અમે અગિયારસને દિવસે દૂધ અને ફળ ખાઇએ છીએ.

૨.૪.૨ માછલીને પાણીમાં તરતી જોઇ તેઓને મજા પડી.

૨.૪.૩ સમીરે બરફી લીધી અને પોતે જ ખાઇ ગયો. (6)

૨.૫ નીચે આપેલી ખાલી જગ્યામાં યોગ્ય ક્રિયાવિશેષણ શોધીને <u>ખાલી જગ્યા પૂરો.</u>

**(કદી, અત્યારે, જરુર, પાછળ )**

૨.૫.૧ તું માંગીશ તો પ્રભુ......ક્ષમા આપશે.

૨.૫.૨ તે પછી હું...... દરિયા કિનારે ગયો નથી.

૨.૫.૩ તોફાન તો ગયું હવે ......તું કેમ ડરે છે ?

૨.૫.૪ તમે આગળ ચાલો હું તમારી ......આવું છું. (4)

૨.૬ નીચે આપેલા વાક્યોમાં યોગ્ય <u>વિશેષણ</u> શોધી લખો.

૨.૬.૧ એક સુંદર નદીને તીરે ધૌમ્ય ઋષિનો આશ્રમ હતો.

૨.૬.૨ અમે શાળાના ઘંટને ખાટી આંબલીથી સાફ કર્યો.

૨.૬.૩ મને તેમને માટે ખૂબ માન છે.

૨.૬.૪ તેનો લાલ રુમાલ હવામાં ઉડી ગયો. (4)

IEB Copyright © 2011

૨.૭ નીચે આપેલા વાક્યો કયા કાળના છે તે કહો.

ઉ.ત. આપણે દિવાળીમાં મળીશું.જવાબઃ ભવિષ્યકાળ

૨.૭.૧ બાને આ જાણીને બહુ આનંદ થયો.

૨.૭.૨ તમે હમણાંજ અહીંથી ચાલ્યા જાઓ.

૨.૭.૩ શરુઆતમાં ટી.વી. પર ટૂંકા સમાચાર આવે છે.

૨.૭.૪ તમે જરાક વહેલા આવી શકશો ?

૨.૭.૪ ગઇ કાલની ક્રિકેટમેચમાં મને બહુ મજા ન પડી. (5)

**[30]**

પ્રશ્ન–૩ નીચે આપેલ ચિત્ર જોઇ પ્રશ્નોના જવાબ લખો.

કૃષ્ણ – સુદામા મિલન



૩.૧ આ ચિત્રમાં કોણ કોણ છે ?

૩.૨ ચિત્રમાંના પાત્રનું વર્ણન કરો.

૩.૩ મિત્ર માટેનો સમાનાર્થી શબ્દ લખો.

૩.૪ આ ચિત્ર જોઇ તમારા મનમાં કેવા ભાવ ઉઠે છે તે
તમારા શબ્દોમાં લખો. (10)

**પ્રશ્ન– ૪ નીચે આપેલ પંક્તિ તમારા શબ્દોમાં સમજાવો.**
**(સાત થી આઠ લીટી)**

૪.૧ જલાવી જાતને ધૂપ, સુવાસિત બધું કરે;
ઘસીને જાતને સંતો, અન્યને સુખિયા કરે.

અથવા

૪.૨ મિત્ર એવો શોધવો, ઢાલ સરીખો હોય;
સુખમાં પાછળ પડી રહે, દુઃખમાં આગળ હોય. (10)

**પ્રશ્ન– ૫. નીચે આપેલા સુવિચાર તમારા શબ્દોમાં સમજાવો.**
**(ચાર થી પાંચ લીટી)**

૫.૧ ક્રોધ એ અનર્થોનું મૂળ છે.

અથવા

૫.૨ ચિંતા ચિતા સમાન છે. (5)
**[25]**

**70 marks**

IEB Copyright © 2011

**પ્રશ્ન– ૬ નીચે આપેલા પદ્યમાંથી કોઈપણ બે ને તમારા શબ્દોમાં ચાર થી પાંચ લીટીમા. સમજાવો.**

૬. ૧ ચકમક લોઢું ઘસતાં ઘસતાં
ખરચી જિંદગી સારી,
જામગરીમાં તણખો નપડયો,
ન ફળી મહેનત મારી
મહાનલ એકજ દે ચિનગારી (6)

૬.૨ એક ડાહ્યો આવી વદયો,
"મૂર્ખ! ગંગાજળ બગાડયું તે;
ફેરો તારો જશે રે અફળ,
હવે રામેશ્વર જઇ શાનો અભિષેક
કરીશ ? ગધેડા જેવું કર્યું તેતો છેક." (6)

૬.૩ સાગરને તીર એક ટટળે ટિટોડી
ચીરી આકાશ એની ઊઠે છે ચીસ,
"સાગર ગોઝારા હો, ઇંડાં મારા દે".
ટટળી કળીળટી કાઢે છે રીસ, (6)

**[12]**

**પ્રશ્ન– ૭ નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખો.**

૭.૧ મોચીની પ્રામાણિકતાનો બદલો વાળવા સાધુએ શું કર્યું ? (3)

૭.૨ સોનાના ઓજારો જોઇને મોચીને કેમ દુઃખ થયુ ? (3)

૭.૩ સાધુએ મોચીને પોતાના ગુરુ કેમ ગણ્યા ? (3)

૭.૪ નીચે આપેલા કથનોનાં સાચા કારણ લખી જણાવો.

૭.૪.૧ ગરીબ સ્ત્રી ગંદા કપડાં પહેરતી હતી,
કારણકે........

- એની પાસે બદલવાની બીજી સાડી ન હતી.
- એને નવાં કપડા જોઇતા હતાં.
- એને કપડાં બદલવાની આળસ હતી.

૭.૪.૨ ગરીબોના મિત્ર એવા બાપુ એક કચ્છ પહેરતા થયા.
કારણકે......

- એમને ખૂબજ ગરમી લાગતી હતી.
- એમની પાસે બીજા કપડા ન હતા.
- તેમણે પ્રતિજ્ઞા લીધી કે જ્યાં સુધી દેશના બધા માણસોને પૂરતા વસ્ત્રો ન મળે ત્યાં સુધી મારે ઘણાં કપડાં ન જોઇએ. (3)

**[12]**

**પ્રશ્ન– ૮ નીચે આપેલા પ્રશ્નોમાંથી કોઈપણ બે નાં જવાબ લખો. ('ભગવાનની નિર્ધનતા' પાઠ માંથી)**

૭.૧ રંકા વંકાને નારદ મદદ કરવા ગયા તેનું પરિણામ શું આવ્યું? (3)

૭.૨ રંકા પોતાનું જીવન કેવી રીતે ગુજારતો હતો? (3)

૭.૩ નારદ ભગવાનને સધન શાથી કહે છે ? (3)

**[6]**

**30 marks**

**Total: 100 marks**